# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું જાહેરનામું
ક્રમાક:ટ્રાફિક/ ઉધના રેલ્વે સ્ટેશન/એક માર્ગીય/જાહેરનામું/ ૧૨૦ /૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.૦૯/૦૧/૨૦૨૫

આગામી તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજથી સુરત રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નં.૦૨ તથા ૦૩ના રીનોવેશનની કામગીરી કરવામાં આવનાર હોવાથી સુરત રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં.૦૨ તથા ૦૩ ની વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે ૧૦૦ જેટલી ટ્રેનો તા.૦૮/૦૧/૨૦૨૫થી ઉધના રેલ્વે સ્ટેશનથી ઓપરેટ થનાર હોય, આ સમયગાળા દરમ્યાન ઉધના રેલ્વે સ્ટેશન ખાતે રોજેરોજ આશરે ૭૫,૦૦૦થી વધારે પેસેન્જરોની અવર-જવર રહેવાની શકતાને ધ્યાને લેતાં, આ વિસ્તારમાં સરળ ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ કલાક-૧૨/૦૦ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ઉધના રેલ્વે સ્ટેશન આગળ આવેલ રોડ નં-"O" ઉપર આવેલ હોટલ સુર્યાથી ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુની સામે આવેલ ત્રણ રસ્તા સુધીનો રોડ એક માર્ગીય કરવા તેમજ ગોલાઘંટી ગરનાળાનો ઉપયોગ ઉધના તરફથી નિલગીરી તરફ જવા માટે એક માર્ગીય કરવા જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, વાબાંગ જામીર (IPS), I/C પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) ઉધના રેલ્વે સ્ટેશન આગળ આવેલ રોડ નં "O" ઉપર આવેલ હોટલ સુર્યા (BOB સેવા કેન્દ્ર) ત્રણ રસ્તા (LAT- 21.171610, LONG – 72.850511 ) થી ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યું ની સામે આવેલ ત્રણ રસ્તા (LAT- 21.169449, LONG – 72.850948 ) સુધીનો રોડ (જાહેરનામાંથી પ્રતિબંધિત કરેલ હોય તે સિવાયના) વાહનો માટે એક માર્ગીય રહેશે. જેથી હોટલ સુર્યા (BOB સેવા કેન્દ્ર) ત્રણ રસ્તાથી વાહનો ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યું ની સામે આવેલ ત્રણ રસ્તા તરફ જઇ શકશે. પરંતું ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યું ની સામે આવેલ ત્રણ રસ્તાથી હોટલ સુર્યા (BOB સેવા કેન્દ્ર) ત્રણ રસ્તા તરફ જઇ શકશે નહી.

(૨) નિલગીરી તરફથી આવતા વાહનો ગોલાઘંટી ગરનાળામાં થઇ ઉધના તરફ (રોડ નં-O) તરફ આવી શકશે નહી. જેથી ગોલાઘંટી ગરનાળાનો ઉપયોગ ઉધના તરફથી નિલગીરી તરફ જવા વાળા વાહનોએ ફકત એક માર્ગીય રસ્તા તરીકે કરવાનો રહેશે.

## :: વિકલ્પ ::

(૧) રેલ્વે સ્ટેશન જવા માટે ઉધના-સચીન બાજુથી આવતા રોડથી રોડ નં ૦૩ થી (ઘાયલ સ્પોર્ટની દુકાનવાળા ચાર રસ્તા) સ્ટોર ડાબે વળી, "રાજ કિ " બિલ્ડીંગ પાસેના ચાર રસ્તાથી જમણી બાજુવળી, સીધા આગળ જઇ હોટલ સુર્યા (BOB સેવા કેન્દ્ર) ત્રણ રસ્તા પોઇન્ટ (LAT- 21.171610, LONG – 72.850511 ) થી જમણી બાજુ વળી ઉધના રેલ્વે સ્ટેશન સ્ટેશન તરફ વાહનો જઇ શકશે.

(૨) ઉધના રેલ્વે સ્ટેશન આઉટ ગેટ ડો.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યું ની સામે આવેલ ત્રણ રસ્તા ઉધના સેન્ટ્રલ રોડથી ઉધના - નવસારી મેઇન રોડ તરફ જઇ શકાશે.

(૩) લીમ્બાયત તરફથી મગદુમ્મ નગર ગરનાળા થઇ ઉધના રોડ નં " O " ઉપર થઇ ઉધના –નિલગીરી બ્રિજ તરફ જતા તમામ પ્રકારના વાહનો હોટલ સુર્યા (BOB સેવા કેન્દ્ર) ત્રણ રસ્તા ("O" નંબર રોડ) પોઇન્ટ થી જમણી બાજુવળી આગળ જઇ "રાજ કિ " બિલ્ડીંગ પાસેના ચાર રસ્તાથી ડાબી બાજુવળી આગળ જઇ શકશે.

(૪) નિલગીરી સર્કલ તરફથી ગોલાઘંટી ગરનાળા થઇ ઉધના ("O" નંબર) રોડ તરફ આવતા તમામ પ્રકારના વાહનો ઉધના રેલ્વે સ્ટેશન ઓવર બ્રિજ ઉપરથી ઉધના તરફ આવી શકશે.

પોલીસ કમિશનર
સુરત શહેર

## :: અપવાદ ::

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMCના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ કલાક-૧૨/૦૦થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત. સત્યમેવ જયતે

(વાબાંગ જામીર)
I/C પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઇન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઇન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઇન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

પોલીસ કમિશ્નર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત